## સંકલિત બાળ સુરક્ષા યોજના,સમાજ કલ્યાણ વિભાગ,દમણ અને દિવ

NO.SW/ICPS/DMN/2016-17/ ૨૦ વિજ્ઞાપન તારીખ: ૯/03/૨૦૧૭

સંકલિત બાળ સુરક્ષા યોજના અંતર્ગત મુખ્ય બે યોજના સ્પોન્સરશીપ અને ફોસ્ટર કેર જે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની નવિનત્તમ યોજના છે અને શરૂઆતી ધોરણે લાગુ કરવામાં આવેલ છે.આ યોજના અંતર્ગત સંઘ પ્રદેશ દમણ અને દિવના એવા બાળકો કે જે કાળજી અને રક્ષણની જરૂરિયાતની શ્રેણીમાં આવતાં હોય,જેની ઉંમર ૧૮ વર્ષથી નીચેની હોય એવા બાળકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે એમના પરિવારોને બાળકોના શૈક્ષણિક, સ્વાસ્થ્ય,પોષણ અને અન્ય જરૂરિયાતોને પૂરી પાડવા માટે આર્થિક સહાય આપવામાં આવે છે.

"સ્પોન્સરશીપ યોજના અંતર્ગત એવાં પરિવારો, સંસ્થાઓ, ઔધોગિક એકમો કે વ્યક્તિઓ જે બાળકોના શૈક્ષણિક, સ્વાસ્થ્ય, પોષણ અને અન્ય જરૂરિયાતોને પૂરી પાડવા માટે આર્થિક સહાય આપવા માંગતા હોય અથવા પાલન કાળજી યોજના અંતર્ગત પાલક માતા-પિતા તરીકે ની જવાબદારી લેવા ઇચ્છતા હોય તેઓ અમારો સંપર્ક કરી શકે છે."

-: વધુ માહિતી માટે સંપર્ક:-

દમણ : "જીલ્લા બાળ સુરક્ષા એકમ, સમાજ કલ્યાણ વિભાગ,ડી ૧/૪ સરકારી ક્વાટર્સ, કલેક્ટર કચેરીની બાજુમાં ઢોલર, મોટી દમણ- (0) ૦૨૬૦-૨૨૩૦૦૮૫ / ૭૮૭૮૯૭૩૯૭૩."

દિવ: "જીલ્લા બાળ સુરક્ષા એકમ, કલેક્ટર કચેરી, દિવ – (0) ૦૨૮૭૫ - ૨૫૪૪૪૭

(વિક્રમ સિંઘલ)
ઉપ સચિવ(સમાજ કલ્યાણ વિભાગ)
દમણ અને દીવ

# समेकित बाल सुरक्षा योजना, समाज कल्याण विभाग, दमण

समेकित बाल सुरक्षा योजना के अर्न्तगत 2 मुख्य योजनाए स्पोन्सरशीप एवं फोस्टर केयर है। जो कि भारत सरकार के महिला एवं बाल विकास मंत्रालय की नवीनतम योजना है एवं शुरूआतिं चरणों में इसे लागु किया जा रहा है। इस योजना के अर्न्तगत संघ प्रदेश दमण एवं दिव के ऐसे बालको के लिए जो आवश्यकता देखभाल एवं सुरक्षा की आवश्यकता की श्रेणी में आते हो । जिन बच्चों की उम्र 18 वर्ष से निचे है ऐसे बच्चों के जीवन की गुणवत्ता सुधारने एंव उनके परिवार के बालको के शैक्षणिक, स्वास्थ्य, पोषण एवं अन्य जरूरतों की पुर्ति के लिए आर्थिक सहायता दी जाएगी।

| स्पोन्सरशीप योजना | पालन एवं देखभाल (फ्रोस्टर केयर) योजना |
|---|---|
| स्पोन्सरशीप योजना के मापदण्ड निम्न प्रकार है। | पालन एवं देखभाल योजना के मापदण्ड निम्न प्रकार है। |
| 1. जहाँ माता विधवा हो अथवा तलाकशुदा हो अथवा परिवार से निकाला जा चुका हो ऐसे बच्चे | 1. पालक माता-पिता में 0-18 वर्ष तक के बच्चों को कम समय के लिए एंव ज्यादा समय के लिए (जरूरत के अनुसार) संस्था अथवा घर मे रहने वाले बालको को व्यक्तिगत एवं समुहगत संस्थागत व्यक्तिगत रिर्पोट के अधार पर समिति के निर्धारित समय के अधार पर निर्धारित समय के लिए दिया जाएगा। |
| 2. जहाँ बालक अनाथ हो एवं विस्तृत परिवारो के साथ रहते हो। | 2. ऐसे बालक जो कि शारीरिक, मानसिक, यौन शोषण के साथ ही प्राकृतिक विपदा अथवा घरेलु हिंसा से पिड़ित हों । |
| 3. जहाँ माता-पिता जानलेवा बिमारी से ग्रस्त हो | 3. ऐसे बालक जिनके माता-पिता दोनो अथवा दोनो में से कोई एक जेल में हो । |
| 4. जहाँ माता-पिता किसी दुर्घटना के कारण अशक्त हो गये हो बच्चो कों सम्हालने में आर्थिक अथवा शारीरिक अथवा दोनो तरह से अक्षम हो। | 4. ऐसे बालक जिनके माता-पिता मानसिक रूप से अस्वस्थ हों और ही बच्चों के भरण पोषण में अक्षम हो । |
| 5. स्पोनसरशीप (प्रायोजन ) की समयसीमा निर्धारित रहेगी। | **पालक माता-पिता (फोस्टर केयर) के मापदंड** |
| 6. स्पोन्सरशीप (प्रयोजन)कार्यक्रम में परिवारों बालगृहो तथा विशेष गृह में रहने वाले बच्चों के जीवन की गुणवत्ता को सुधारने के आशय से, चिकित्सकिय पोषण, शैक्षणिक एवं बालको की जरूरतों को पुरा करने के लिए सहायता दी जा सकेगी । | 1. पालक माता-पिता भारतीय नागरीक होने चाहिए । |
| | 2. पालक माता-पिता बालक का भरण पोषण करने के इच्छुक होने चाहिए । |
| | 3. पालक माता-पिता की उम्र 35 वर्ष से ज्यादा होनी चाहिए एवं उनका शारीरिक, भावनात्मक एवं मानसिक स्वास्थ्य अच्छा होना चाहिए एवं पालक माता-पिता की आवक उतनी होनी चाहिए जो दत्तक लिए हुए बालक की जरूरतों को पूरी कर सकें। |
| | 4. पालक परिवार के घर के सभी लोगो की स्वास्थ्य रिर्पोट होनी चाहिए जिसमें एच. आई. वी., टीबी, एंव हेपेटाईटीस बी जैसी बिमारिया शामिल है। जिसके अधार पर अनुमान लगाया जा सकता है कि यह परिवार शारीरिक रूप से स्वस्थ्य है एवं पोषक परिवार के पास पर्याप्त जगह एवं आधारभूत जरूरत पूरी करने की सुविधाए है । |

स्पोन्सरशीप योजना के अर्न्तगत ऐसे परिवार, संस्थान, औधौगिक उपक्रम अथवा व्यक्ति जो बालको के शैक्षणिक स्वास्थ्य पोषण एवं अन्य जरूरतो को पूरा करने के लिए आर्थिक सहायता देना चाहते हो अथवा पालन देखभाल योजना अर्न्तगत पालक माता-पिता की तरह की जवाबदारी लेने के इच्छुक हो वे भी हमारा संपर्क कर सकते है ।

**-: ज्यादा जानकारी के लिए संपर्क करे :-**

**संमेकित बाल संरक्षण योजना, समाज कल्याण विभाग, 1/4 डी टाईप सरकारी क्वाटर्स, समाहर्ता कार्यालय के पास, ढोलर, मोटी दमण, दमण - 396 220. फोन नं. 0260-2230085 / 7878973973**

# સંકલિત બાળ સુરક્ષા યોજના, સમાજ કલ્યાણ વિભાગ, દમણ

સંકલિત બાળ સુરક્ષા યોજના અંતર્ગત મુખ્ય બે યોજના સ્પોન્સરશીપ અને ફોસ્ટર કેર જે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની નવિનત્તમ યોજના છે અને શરૂઆતી ધોરણો લાગુ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત સંઘ પ્રદેશ દમણ અને દીવના એવા બાળકો કે જે કાળજી અને રક્ષણની જરૂરિયાતની શ્રેણીમાં આવતાં હોય, જેની ઉંમર ૧૮ વર્ષથી નીચેની હોય એવા બાળકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે એમના પરિવારોને બાળકોના શૈક્ષણિક, સ્વાસ્થ્ય, પોષણ અને અન્ય જરૂરિયાતોને પૂરી પાડવા માટે આર્થિક સહાય આપવામાં આવે છે.

| સ્પોન્સરશીપ યોજનાના (Sponsorship) | પાલન કાળજી યોજના (Foster Care) |
|---|---|
| સ્પોન્સરશીપ યોજનાના માપદંડો નીચે મુજબના રહેશે: | પાલન કાળજીયોજનાના માપદંડો નીચે મુજબ રહેશે. |
| ૧. જ્યાં માતા વિધવા હોય અથવા છૂટાછેડા લીધેલ હોય અથવા કુટુંબ દ્વારા ત્યજી દેવાયેલ હોય | ૧. પાલક કુટુંબ કાળજીમાં "0-18" વર્ષ સુધીના બાળકોને ટૂંકાગાળા માટે અને લાંબાગાળા માટે જરૂરિયાત મુજબ સંસ્થામાં કે ગૃહમાં રહેતા બાળકોને વ્યકિતગત અને સમૂહગત સંસ્થાગત વ્યકિતગત રિપોર્ટના આધારે સમિતિના નિર્ધારિત સમય મુજબ જેતે સમય માટે આપવામાં આવશે. |
| ૨. જ્યાં બાળક અનાથ હોય અને સંબંધી કે પરિવાર સાથે રહેતા હોય | ૨. એવું બાળક કેજે શારીરિક, માનનિસક, જાતિય શોષણ તેમજ કુદરતી આપત્તિથી અથવા ઘરેલુ હિંસાથી પીડિત હોય |
| ૩. જ્યાં માતા-પિતા જીવલેણ બિમારીઓથી પિડાતા હોય | ૩. એવા બાળકો જેમના માતા-પિતા બને જણ અથવા બે માં થી કોઈ એક જેલમાં હોય. |
| ૪. જ્યાં માતા-પિતા અકસ્માતના કારણે બંને અશકત થઈ ગયેલ હોય અને બાળકોની સંભાળ આર્થિક રીતે તેમજ શારીરિક રીતે લઈ શકતા ન હોય. | ૪. એવા બાળકો જેમના માતા-પિતા માનસિક રીતે અસ્વસ્થ હોય તેમજ ભરણ પોષણ કરવા માટે અસક્ષમ હોય. |
| ૫. સ્પોન્સરશીપ ( પ્રાયોજન) ની મુદત નિયત કર્યા મુજબની રહેશે. | <u>પાલક માતા-પિતાના માપદંડ</u> |
| ૬. સ્પોન્સરશીપ ( પ્રાયોજન) કાર્યક્રમો કુટુંબ, બાળ ગૃહો તથા ખાસ ગૃહોમાં રહેતા બાળકોને કુટુંબમાં પુનઃસ્થાપન દ્વારા તેઓના જીવનની ગુણવત્તાને સુધારવાના આશ્રયથી, તબીબી પોષણ વિષયક, શૈક્ષણિક તથા બાળકોની અન્ય જરૂરિયાતોને પૂરી પાડવા માટે બાળકોના પરિવારને આ સ્પોન્સરશીપ યોજનાનો લાભ આપવામાં આવશે. | ૧. પાલક માતા-પિતા ભારતીય નાગરીક હોવાં જોઈએ. |
| | ૨. પાલક માતા-પિતા બાળકના ભરણ-પોષણ કરવા ઈચ્છુક હોંવા જોઈએ. |
| | ૩. પાલક માતા-પિતાની ઉંમર પાંત્રીસ વર્ષથી વધુ હોવી જોઈએ અને તેઓનું શારીરિક, ભાવનાત્મક અને માનસિક સ્વાસ્થ્ય સારુ હોવુ જોઈએ અને પાલક માતા-પિતાની આવક એટલી હોવી જોઈએ કે તેઓ દત્તક લીધેલ બાળકની જરૂરિયાત પૂરી કરી શકતા હોય. |
| | ૪. પાલક કુટુંબના ઘરના બધાજ સભ્યોની સ્વાસ્થ્ય તપાસની રિપોર્ટ કરેલી હોવી જોઈએ જેમાં એચ આઈ વી, ટીબી અને હેપેટાઈટિસ-બી જેવી બીમારીઓ સામેલ છે. જેના આધારે એવુ અનુમાન કરી શકાય કે આ કુટુંબ(પરિવાર) શારીરિક રીતે સ્વસ્થ છે અને પોષક પરિવાર પાસે પર્યાપ્ત જગ્યા અને આધારભૂત જરૂરિયાત પૂરી પાડતી સુવિધાઓ હોવી જોઈએ |

<u>સ્પોન્સરશીપ યોજના</u> અંતર્ગત એવાં પરિવારો, સંસ્થાઓ, ઔધોગિક એકમો કે વ્યકિતઓ જે જરૂરિયાતમંદ વાળા બાળકોના શૈક્ષણિક, સ્વાસ્થ્ય, પોષણ અને અન્ય જરૂરિયાત માટે આર્થિક સહાય આપવા માંગતા હોય અથવા <u>પાલન કાળજી યોજના</u> અંતર્ગત પાલક માતા-પિતા તરીકે ની જવાબદારી લેવા ઈચ્છુક હોય તેઓ અમારો સંપર્ક કરી શકે છે.

-: વધુ માહિતી માટે સંપર્ક :-

"સંકલિત બાળ સુરક્ષા યોજના, સમાજ કલ્યાણ વિભાગ, ડી ૧/૪ ક્વાટર્સ,
કલેક્ટર કચેરીની બાજુમાં, ઢોલર, મોટી દમણ -0260-2230085 /7878973973"